RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 286 * Date: 05.08.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ફરી ૫ ઓગસ્ટે જ જમ્મુ કાશ્મીર મુદ્દે મોટા નિર્ણયની જાહેરાતની શક્યતા, દિલ્હીમાં અટકળો તેજ



કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જમ્મુ-કાશ્મીર મામલે મોટો નિર્ણય લેવાની તૈયારીમાં હોવાની દિલ્હીમાં અટકળો તેજ થઈ ગઈ છે. ચર્ચા છે કે, જમ્મુ-કાશ્મીરમાં પાંચ ઓગસ્ટે કંઈ મોટું થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે (૨ ઓગસ્ટે) રાજભવન પહોંચી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. આ ઉપરાંત મંગળવારે (૫ ઓગસ્ટ) સવારે એનડીએની સંસદીય દળની બેઠક યોજાવાની છે. આ ઘટના ક્રમ વચ્ચે એવી ચર્ચાઓ શરૂ થઈ છે કે, શું મોદી સરકાર પાંચમી ઓગસ્ટે કંઈક મોટો નિર્ણય લેવાની છે?

અયોધ્યામાં રામ મંદિરનો શિલાન્યાસ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ નાબુદ કરવાની અને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજન કરવાનો નિર્ણય પાંચમી ઓગસ્ટે જ કરાયો હતો, જોકે ત્યારે વરઅષ ૨૦૧૯ હતું. ત્યારથી જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની માંગ ઉઠી રહી છે. આના જવાબમાં વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી સતત કહી રહ્યા છે કે, યોગ્ય સમય આવશે ત્યારે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપી દેવાશે.

મોદી સરકારે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાનો ક્યારે ઈન્કાર કર્યો નથી, પરંતુ તેમણે માત્ર યોગ્ય સમય આવવાની વાત કહી છે, ત્યારે એવો સવાલ થઈ રહ્યો છે કે, શું સમય આવી ગયો છે? કંઈક મોટું થવાની અટકળો શરૂ થઈ ગઈ છે અને સૌથી વધુ ચર્ચા જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની થઈ રહી છે.ફારુક અબ્દુલ્લાના નિવેદન બાદ પણ આવી અટકળો તેજ થઈ ગઈ છે. તેમણે સોમવારે કહ્યું કે, સરકાર કહે કે, આખરે જમ્મુ-કાશ્મીરને ક્યારે પૂર્ણ રાજ્યનો દરજ્જો મળશે? અબ્દુલ્લાએ કલમ-૩૭૦ નાબુદ થવાની છઠ્ઠી વર્ષગાંઠના એક દિવસ પહેલા ફરી દરજ્જાની માંગ કરી છે. આ ઉપરાંત તેમણે જમ્મુ-કાશ્મીરની રાજયસભાની બેઠકો પર ચૂંટણી કરાવવાની પણ માંગ કરી છે.

અબ્દુલ્લાએ કહ્યું કે, 'તેઓ રાજ્યને પૂર્ણ રાજ્યનો દરજ્જો ક્યારે પરત આપવાના છે? તેમણે કહ્યું હતું કે, ચૂંટણી બાદ અને સરકાર બન્યા બાદ દરજ્જો પરત આપી દેવાશે. હવે તે વચનનું શું થયું? હવે તેમનું કહેવું છે કે, વિધાનસભાની બે ખાલી બેઠકો પર ચૂંટણી કરાવશે, પરંતુ રાજ્યસભાની ચાર બેઠકો પર ચૂંટણી ક્યારે યોજાશે? આખરે તેઓ ગૃહમાં લોકોનો અવાજ ઉઠાવવાના અધિકારને કેમ અટકાવી રહ્યા છે?

ડિસેમ્બર ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૦ નાબૂદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને માન્ય રાખ્યો હતો. આ સાથે જ કોર્ટે કેન્દ્ર સરકારને ×શક્ય તેટલી વહેલી તકે× જમ્મુ અને કાશ્મીરનો રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોંગ્રેસ પાર્ટી પણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગ સાથે આખા રાજ્યમાં અભિયાન ચલાવી રહી છે. આ તમામ ઘટનાક્રમોથી એવી અટકળો તેજ બની છે કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં આ દિશામાં કોઈ મોટો નિર્ણય લઈ શકે છે. આખરે સવાલ એ થાય છે કે, કેન્દ્ર શાસિત પ્રદેશને પૂર્ણ રાજ્યનો દરજ્જો કેવી રીતે મળશે? તેની પ્રક્રિયા શું છે?

સૌથી મહત્ત્વની વાત એ છે કે, કેન્દ્ર શાસિત પ્રદેશને રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવા માટે સંસદમાં પ્રસ્તાવ લાવવો પડે છે. બંને ગૃહોમાં પ્રસ્તાવ પસાર થયા બાદ રાષ્ટ્રપતિની મહોર વાગ્યા પછી પૂર્વ રાજ્યનો દરજ્જો મળે છે. વર્ષ ૨૦૧૯માં પુનર્ગઠન કાયદો પસાર કરીને જમ્મુ અને કાશ્મીરને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવાયો હતો. હવે તે જ બિલમાં સંશોધન કરવાનું રહેશે. આ માટે સંસદમાં નવું સંશોધન વિધેયક રજુ કરવામાં આવશે અને પછી જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે.

## રાજકારણમાં ઉથલપાથલની તૈયારી?રાહુલ ગાંધીના નિવાસ સ્થાને વિપક્ષની બેઠકમાં આ ૨ મુદ્દા પર લેવાઈ શકે નિર્ણય



ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીની તારીખો જાહેર કરી છે, આ સાથે જ વિપક્ષી "દ્વઢ્ઢૈંછ' ગઠબંધનની ચિંતા વધી ગઈ છે. વિપક્ષ માટે ઉમેદવાર શોધવાનું કામ મુશ્કેલ છે, કારણ કે તેમને ખબર છે કે સંસદના બંને ગૃહોમાં તેમની સંખ્યા ઘણી ઓછી છે.કારણ કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંસદના બંને ગૃહોના સભ્યો દ્વારા થાય છે અને ત્યાં વિપક્ષી સાંસદોની સંખ્યા ઓછી છે, તેથી ઈન્ડિયા ગઠબંધન આ ચૂંટણીનો ઉપયોગ પછાત અને લઘુમતી સમુદાયો, ખેડૂતો, બુદ્ધિજીવીઓ અને નાગરિક સમાજ સહિતના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોને એક કરવા અને તેમના સુધી સ્પષ્ટ સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરશે. આ જ કારણ છે કે વિપક્ષ એક એવા વૈચારિક ચહેરાને સંયુક્ત ઉમેદવાર તરીકે શોધી રહ્યું છે, જે તેના આ રાજકીય સંદેશને ફેલાવી શકે.

આ કારણે જ રાહુલ ગાંધીના નિવાસ્થાને "દ્વઢ્ઢૈંછ' ગઠબંધનની એક મહત્ત્વની બેઠક ૭ ઓગસ્ટના રોજ યોજાવાની છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં બિહાર વિધાનસભા ચૂંટણી, રાજ્યની મતદાર યાદીના પુનરીક્ષણ અને ઉપરાષ્ટ્રપતિ પદના સંભવિત ઉમેદવાર અંગે ચર્ચા થવાની શક્યતા છે.મીડિયા અહેવાલ અનુસાર આ બેઠકમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી મતદાર યાદીઓ પર કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા એક સંશોધન (રિસર્ચ) પર પ્રેઝન્ટેશન આપી શકે છે. બે દિવસ પહેલાં જ તેમણે આ સંશોધન વિશે કહ્યું હતું કે, મને એક 'એટમ બોમ્બ' મળ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે આ સંશોધન દ્વારા કોઈ પણ શંકા વિના એ સાબિત થાય છે કે ભાજપને મદદ કરવા માટે મતદાર યાદીઓસાથે ચેડા કરવામાં આવી રહ્યા છે.

## ૪૪ પ્લોટ, ૧ કિલો સોનું અને ૨ કિલો ચાંદી.... સરકારી કર્મચારીની સંપત્તિ જોઈ આંખો પહોળી થઈ જશે

એક સામાન્ય સરકારી કર્મચારી કેટલી કમાણી કરી શકે છે? શું એક મોટર વાહન નિરીક્ષક પોતાની સેલેરીથી ૪૪ પ્લોટ, એક કિલો સોનું, બે કિલો ચાંદી અને ૧.૨૫ કરોડ રૂપિયાનું બેંક બેલેન્સ બનાવી શકે છે? બૌધ જિલ્લામાં તહેનાત ગોલાપ ચંદ્ર હાંસદા પાસેથી મળી આવેલી અકૂત સંપત્તિ બાદ ઓડિશા વિજિલન્સ વિભાગ આ જ સવાલોના જવાબ તલાશી રહી છે. એક ગુપ્ત ફરિયાદના આધારે કાર્યવાહી કરતા વિભાગે હાંસદાના છ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા, ત્યારબાદ તેમની વાસ્તવિક સંપત્તિ



સામે આવી છે. સરકારી દસ્તાવેજો અને ફિઝિકલ વેરિફિકેશનમાં જે આંકડા સામે આવ્યા તે જોઈને દરોડા પાડનારા અધિકારીઓની પણ આંખો પહોળી થઈ ગઈ હતી.

એક સમાચાર એજન્સીના જણાવ્યા પ્રમાણે વિજિલન્સ વિભાગે દરોડામાં હાંસદા અને તેમના પરિવાર પાસે કુલ ૪૪ પ્લોટ, એક કિલો સોનું, ૨.૧૨૬ કિલો ચાંદી અને ૧.૩૪ કરોડ રૂપિયાથી વધુની બેંક ડિપોઝિટનો ખુલાસો કર્યો છે. એટલું જ નહી તપાસ ટીમને ૨.૩૮ લાખ રૂપિયા રોકડા અને એક ડાયરી પણ મળી આવી છે જેમાં કથિત બેનામી સંપત્તિના વ્યવહારોની સંપૂર્ણ વિગતો નોંધાયેલી છે. ડાયરીમાં બીજી એક ચોંકાવનારી વાત એ સામે આવી કે તેમણે પોતાની દીકરીના મેડિકલ શિક્ષણ પાછળ ૪૦ લાખ રૂપિયા ખર્ચ્યા છે.

હાંસદાના નામ અને તેમના પરિવારના સભ્યોના નામે મળેલા ૪૪ પ્લોટમાંથી ૪૩ પ્લોટ બારીપાડા શહેર અને તેની આસપાસના વિસ્તારમાં છે. એક પ્લોટ બાલાસોરની બહાર મળી આવ્યો છે. આ તમામ જમીનોની રજિસ્ટ્રી કિંમત ૧.૪૯ કરોડ રૂપિયા આંકવામાં આવી છે, પરંતુ રિયલ માર્કેટ વેલ્યુ આનાથી ઘણી વધારે હોઈ શકે છે. આ ઉપરાંત હાંસદા પાસે ૩૩૦૦ ચોરસ ફૂટનું બે માળનું ઘર પણ છે, જે બારીપાડામાં છે. ઘરની ડિઝાઈન અને ભવ્યતા એ કહેવા માટે પૂરતી છે કે તેના પર લાખો રૂપિયા ખર્ચ થયા હશે.

## માનવી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાંથી કોણ ચઢિયાતું? રિસર્ચમાં ચોંકાવનારો ખુલાસો

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અનેક બાબતોમાં મનુષ્યને પાછળ છોડી રહ્યું છે, તેનું સ્થાન લઈ રહ્યું છે. ઓફિસમાં કર્મચારીઓથી લઈને સ્કૂલના શિક્ષકોનું સ્થાન એઆઈ પડાવી રહ્યું છે. જો કે તાજેતરમાં થયેલા એક રિસર્ચમાં જાણકારી મળી હતી કે મનુષ્યથી બહેતર રમૂજ એઆઈ નહિ કરી શકે. હવે એક નવા રિસર્ચમાં જણાવાયું છે કે એઆઈની સરખામણીએ મનુષ્ય વધુ રચનાત્મક છે. ઉપરાંત અભ્યાસમાં ગૂગલ અને એઆઈ વચ્ચે ખાસ કોઈ અંતર ન જણાયું.

ધી જર્નલ ઓફ ક્રિએટીવ બિહેવિયરમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ અનુસાર બે લોકો મળીને બ્રેન સ્ટૉર્મિંગ કરે તો તેઓ એઆઈનો ઉપયોગ કરનારા કરતા બહેતર આઈડિયા આપી શકે છે. યુનિવર્સિટી ઓફ સ્કેપહોસેનના સંશોધકો અનુસાર એનાથી સ્પષ્ટ થયું છે કે ભલે ચેટજીપીટી જેવી એઆઈ ટેકનીક આવી ગઈ હોય પણ રચનાત્મકતાની બાબતમાં તે હજી પણ મનુષ્યને પરાસ્ત નહિ કરી શકે.વાસ્તવમાં રિસર્ચ કરવા માટે કેટલાક જૂથો બનાવાયા હતા. એક જૂથમાં માત્ર મનુષ્ય, બીજામાં મનુષ્ય અને ઈન્ટરનેટ તેમજ ત્રીજા જૂથમાં મનુષ્ય અને એઆઈ સામેલ હતા. તેમને કેટલાક રચનાત્મક કાર્ય સોંપવામાં આવ્યા જેવા કે કાંટા ચમચીના અન્ય શું ઉપયોગ થઈ શકે, પેન્ટને પહરેવા સિવાય બીજા કયા ઉપયોગમાં લઈ શકાય. આ જૂથોએ અલગ અલગ બ્રેન સ્ટૉર્મિંગ કર્યું, જેના પછી પરિણામો સામે આવ્યા.

રિસર્ચમાં જાણ થઈ કે જે જૂથમાં માત્ર મનુષ્યો હતા, તેમણે સૌથી વધુ રચનાત્મક આઈડિયા આપ્યા. બાકીના બે જૂથના તર્ક લગભગ એક સમાન હતા. એટલે જે આઈડિયા ગૂગલ પર હોય, લગભગ તેવી જ આઈડિયા ચેટજીપીટી પર પણ હતી. બંને ખાસ કોઈ તફાવત નહોતો. આથી સાબિત થઈ ગયું મનુષ્યનું મગજ વધુ સારુ ચાલે છે.રિસર્ચમાં એવો પણ નિષ્કર્ષ નીકળ્યો કે મનુષ્યોના જૂથમાં એક મનુષ્ય પોતાના સાથી સાથે સંપીને કામ કરતા હતા.

## દિલ્હીમાં નેતાઓ પણ સુરક્ષિત નહીં! સંસદ નજીક મૉર્નિંગ વૉક વખતે મહિલા સાંસદની સોનાની ચેઈન લૂંટાઈ

દિલ્હીમાં હવે નેતાઓ પણ સુરક્ષિત રહ્યા નથી અને તેમની સુરક્ષા સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. સોમવારે (ચોથી ઓગસ્ટ) સવારે દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં કોંગ્રેસના સાંસદ સુધા રામકૃષ્ણનના ગળામાંથી અજાણ્યો શખસ સોનાની ચેઈન ખેંચીને ફરાર થઈ ગયો હતો. આ મામલે દિલ્હી પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

અહેવાલો અનુસાર, સોમવારે સવારે કોંગ્રેસ સાંસદ સુધા રામકૃષ્ણન મૉર્નિંગ વૉક માટે ગયા હતા. આ દરમિયાન બદમાશો આવ્યા અને તેમની ચેઈન છીનવીને ફરાર થઈ ગયા હતા. આ ઘટના પછી, તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને એક પત્ર પણ લખ્યો છે. જેમાં તેમણે લખ્યું- સ્કૂટર પર સવાર એક શખસે મારી ચેઈન છીનવી લીધી હતી. તેણે હેલ્મેટથી ચહેરો છુપાવ્યો હતો.'દિલ્હીના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, 'આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે. આરોપીઓને શોધવા અને



આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ કરવામાં આવી રહી છે.' નોંધનીય છે કે આ ઘટના સંસદની ખૂબ જ નજીકના વિસ્તારમાં બની હતી.

## ફાસ્ટેગથી સૌથી વધુ ૧૨૬ કરોડ ચૂકવવા મામલે આ રાજ્ય ટોચે, ગુજરાત ટોપ-૫માં પણ નહીં

ગુજરાતમાં વાહનચાલકોએ ફાસ્ટેગથી ચાર વર્ષમાં રૂપિયા ૮૪.૪૬ કરોડની રકમ ચૂકવી છે. ચાર વર્ષના આ સમયગાળામાં ફાસ્ટેગથી વાહનચાલકોએ સૌથી વધુ રકમ ચૂકવી હોય તેમાં તમિલનાડુ ૧૨૬ કરોડ સાથે મોખરે, ઉત્તર પ્રદેશ ૧૧૯ કરોડ સાથે બીજા ક્રમે અને કર્ણાટક ૧૧૨ કરોડ સાથે ત્રીજા સ્થાને છે. ઉલ્લેખનીય છે કે,નેશનલ હાઈવે પર વારંવાર મુસાફરી કરવાની થતી હોય અને દર વખતે ટોલ પર કાર રોકવી તમને ઝંઝટ લાગે છે, તો તેમના માટે ૧૫ ઓગસ્ટથી રાહતના સમાચાર છે. મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે ૧૫ ઓગસ્ટથી આ સુવિધા શરૂ કરશે. જેમાં તમે માત્ર ૩૦૦૦ રૂપિયા ચૂકવીને આખું વર્ષ કે ૨૦૦ ટ્રીપ સુધી નેશનલ હાઈવે અને એક્સપ્રેસ વે પર ટોલ-ફ્રી યાત્રા કરી શકશો. આ નવા પાસથી સમય બચવાની સાથે તમારે દર વખતે ફાસ્ટેગથી રિચાર્જ કરવાની ઝંઝટમાંથી મુક્તિ મેળવી શકશો. આ ઉપરાંત ફાસ્ટેગના દુરુપયોગ સામે પણ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. એનએચએઆઈના કડક નિયમમાં કહેવાયું છે કે, 'જો વાહનની વિંડશીલ્ડ પર યોગ્ય રીતે ફાસ્ટેગ લગાવેલું નહી હોય અને વાહન ચાલક ફાસ્ટેગ હાથમાં લઈને કે પછી ડેશબોર્ડ પર રાખેલા સ્કેનર પર સ્કેન કરવાનો પ્રયાસ કરશે

## રશિયાથી ઓઈલની આયાત, ઈમિગ્રેશનમાં ગેરરીતિ અને વેપાર ઓછો : ટ્રમ્પના સહયોગીએ ગણાવ્યું ફરિયાદોનું લિસ્ટ

અમેરિકાએ ભારત વિરૂદ્ધ વિવાદિત આક્ષેપો કરી ૨૫ ટકા ટેરિફ તથા મસમોટી પેનલ્ટી લાદી છે. આટલેથી જ ન અટકતાં અમેરિકાના વહીવટી તંત્ર દ્વારા ભારત પર વિવિધ આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે. હાલમાં જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના સહયોગીએ ભારત પર આરોપ મૂક્યો છે કે, તે (ભારત) એક બાજુ વિશ્વ સમક્ષ અમેરિકાને પોતાના સૌથી ગાઢ મિત્ર કહે છે, જ્યારે બીજી બાજુ અમારી પર ભારે ભરખમ ટેરિફ લાદે છે. ઈમિગ્રેશન પોલિસીમાં પણ અનેક ગેરરીતિ કરે છે, વધુમાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી તેને યુક્રેન સાથે યુદ્ધ કરવામાં આર્થિક સહાય પૂરી પાડી રહ્યો છે.

વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલરે મીડિયા સાથેની વાતચીતમાં ભારત પર આક્ષેપો મૂકતાં કહ્યું હતું કે, ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું હતું કે, ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી યુદ્ધમાં અપાઈ રહેલી આર્થિક સહાય સ્વીકાર્ય નથી. લોકોને જાણીને આશ્ચર્ય થશે કે, રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા મામલે ભારત ચીનની સમકક્ષ છે.મિલરે આગળ કહ્યું કે, આ એક આશ્ચર્યજનક તથ્ય છે કે, ભારત વિશ્વ સમકક્ષ અમને (અમેરિકા) સૌથી ગાઢ મિત્ર ગણાવે છએ, પરંતુ અમારી પ્રોડક્ટ્સ સ્વીકાર કરતો નથી. તે અમારા પર ઊંચો ટેરિફ વસૂલે છે. તે ઈમિગ્રેશન પોલિસીમાં અનેક ગેરરીતિ આચરે છે. જે અમેરિકાના કારીગરો માટે નુકસાનકારક છે. અમે ફરી એક વખત જોઈ રહ્યા છીએ કે, તે રશિયા પાસેથી ક્રૂડ ખરીદી રહ્યું છે. ટ્રમ્પ એક મજબૂત સંબંધ ઈચ્છે છે. ભારત અને વડાપ્રધાન મોદી સાથે અમારા સંબંધ હંમેશા મજબૂત રહ્યા છે. પરંતુ અમેરિકાએ યુક્રેન યુદ્ધમાં આર્થિક સહાય પ્રદાન કરનારાઓ વિશે ગંભીરતાપૂર્વક વિચારવુ પડશે.

મિલરે હંમેશા કહ્યું કે, પ્રમુખ ટ્રમ્પની પાસે યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે કુટનીતિ, આર્થિક સહિતના અન્ય વિકલ્પો ઉપલબ્ધ છે.

**તંત્રી લેખ..**


# જુલાઈમાં દેશમાં વીજ વપરાશ માત્ર બે ટકા વધીને ૧૫૩.૬૩ અબજ યુનિટ

અમદાવાદ : દેશમાં વીજળી વપરાશ અને માંગના ડેટા દર્શાવે છે કે જુલાઈ ૨૦૨૫ દરમિયાન, દેશમાં વીજળીનો વપરાશ વાર્ષિક ધોરણે માત્ર ૨.૬ ટકા વધીને ૧૫૩.૬૩ અબજ યુનિટ થયો હતો. વીજળીની માંગમાં આ નજીવો વધારો મુખ્યત્વે દેશભરમાં સક્રિય ચોમાસાને કારણે થયેલા ભારે વરસાદ અને તેના કારણે એર કન્ડીશનર, કુલર જેવા ઠંડક ઉપકરણોના ઓછા ઉપયોગનું પરિણામ હતું.

જુલાઈમાં એક દિવસમાં સૌથી વધુ વીજળીની માંગ પણ જુલાઈ ૨૦૨૪માં લગભગ ૨૨૬.૬૩ ગીગાવોટ હતી તે ઘટીને ૨૨૦.૫૯ ગીગાવોટ થઈ ગઈ હતી. એ નોંધનીય છે કે મે ૨૦૨૪માં એક જ દિવસમાં સૌથી વધુ વીજળીની માંગનો સર્વકાલીન ઉચ્ચ સ્તર ૨૫૦ ગીગાવોટની આસપાસ પહોંચ્યો હતો, જ્યારે અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૩માં આ આંકડો ૨૪૩.૨૭ ગીગાવોટ હતો.

સરકારી અંદાજ મુજબ, ૨૦૨૫ના ઉનાળામાં મહત્તમ વીજળીની માંગ ૨૭૭ ગીગાવોટ સુધી પહોંચવાની ધારણા હતી, પરંતુ આ વખતે એપ્રિલમાં શરૂ થયેલી ઉનાળાની ઋતુ દરમિયાન, જૂનમાં સૌથી વધુ માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ હતી. ભારતીય હવામાન વિભાગ અનુસાર, આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા આઠ દિવસ પહેલા ૨૪ મેના રોજ કેરળના દરિયાકાંઠે પહોંચ્યું હતું, જેના કારણે દેશભરમાં ભારે વરસાદ પડયો હતો અને જૂન-જુલાઈમાં એર કન્ડીશનર, ડેઝર્ટ કુલર વગેરેનો વપરાશ ઓછો થયો હતો.

# દુનિયામાં ભારતની સેમિકન્ડક્ટર ચિપનો ડંકો વાગશે, ૨૦૩૦ સુધીમાં જાણો કેટલો હશે બિઝનેસ



ઉદ્યોગ જગતમાં ભારતનું સેમિકન્ડક્ટર બજાર ૨૦૩૦ સુધીમાં બેગણાથી પણ વધુ થવાની સંભાવના છે. આમ થવાથી દુનિયામાં ભારતની સેમિકન્ડક્ટર ચિપનો ડંકો વાગશે. મળતી માહિતી મુજબ, ભારતીય સેમિકન્ડક્ટર બજાર ૨૦૨૪-૨૦૨૫માં આશરે ૪૫-૫૦ બિલિયન ડોલર હોવાનો અંદાજ છે, જે ૨૦૨૩માં ૩૮ બિલિયન ડોલર હતું. જેના બિઝનેસના અનુમાન અનુસાર, આગામી વર્ષ ૨૦૩૦ સુધી ભારતીય સેમિકન્ડક્ટર બજાર આશરે ૧૦૦-૧૦૦ બિલિયન ડોલર પહોંચવાની શક્યતા છે. સેમિકન્ડક્ટર્સની જરૂરિયાત સરકારી પ્રયાસો અને ઉદ્યોગ પ્રતિક્રિયા પર પ્રકાશ પાડતા એક વિગતવાર નિવેદનમાં કોવિડ રોગચાળા દરમિયાન પસંદગીના ભૌગોલિક વિસ્તારો પર નિર્ભરતાને કારણે વિવિધ ટેકનોલોજી ક્ષેત્રો, ખાસ કરીને ઓટોમોટિવ ઉદ્યોગ દ્વારા સામનો કરવામાં આવેલા સંકટનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતને વિશ્વસનીય ભાગીદાર તરીકે વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

હાલમાં તાઈવાન, દક્ષિણ કોરિયા, જાપાન, ચીન અને અમેરિકા જેવા દેશો સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં પ્રભુત્વ ધરાવે છે. તાઈવાન વિશ્વના ૬૦ ટકાથી વધુ સેમિકન્ડક્ટરનું ઉત્પાદન કરે છે, જેમાં લગભગ ૯૦ ટકા સૌથી અદ્યતન સેમિકન્ડક્ટરનો સમાવેશ થાય છે.યુએસ, યુરોપિયન યુનિયન, જાપાન અને દક્ષિણ કોરિયાએ સ્થાનિક ચિપ ઉત્પાદનને ટેકો આપવા અને એક જ ક્ષેત્ર પર વધુ પડતી નિર્ભરતા ઘટાડવા માટે રાષ્ટ્રીય વ્યૂહરચના શરૂ કરી છે. આ વૈશ્વિક પરિવર્તનમાં ભારત એક મહત્ત્વપૂર્ણ અને વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી રહ્યું હોવાનું સામે આવ્યું છે.વૈશ્વિક સેમિકન્ડક્ટર બજાર ૨૦૩૦ સુધીમાં એક લાખ કરોડ ડોલર સુધી પહોંચવાની સંભાવના છે. જેમાં ભારતનું આગવુ સ્થાન રહેવાની શક્યતા છે. ભારતમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન પુરવઠા શૃંખલાને ત્રણ પ્રાથમિક સ્તંભો ઉપકરણ, સામગ્રી-સેવા અને સંશોધન અને વિકાસ (ઈશ્ક્ષ)માં મુખ્ય ફાળો આપનાર તરીકે ઉભરી આવવાની ક્ષમતા છે.

# દુનિયાના કયા દેશ પર કેટલા ટકા ટેરિફ લાગશે તે નક્કી કરવા ટ્રમ્પની ખાસ 'ફોર્મ્યુલા'

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં સત્તા સંભાળ્યા બાદથી વિવિધ દેશો પર ટેરિફ બોમ્બ ફોડી રહ્યા છે. હાલમાં જ ભારત પર ૨૫ ટકા ટેરિફ વત્તા પેનલ્ટી લાદવાની જાહેરાત કરી છે. આવો જાણીએ કે, ટ્રમ્પ કેવી રીતે ટેરિફની ગણતરી કરી છે. તેની કઈ ફોર્મ્યુલાના આધારે તેઓ ટેરિફ ઝીકી રહ્યા છે.

થોડા સમય પહેલાં જ વ્હાઈટ હાઉસે રિપોર્ટ રજૂ કરી જણાવ્યું હતું કે, તે કેવી રીતે ટેરિફ નક્કી કરે છે. તે કોઈ મનમાનીભર્યુ પગલું નથી લેતી. પરંતુ ટેરિફની ગણતરી પાછળ એક સાદું ગણિત છે. જેના આધારે તે દેશો પર ટેરિફ નિર્ધારિત કરે છે.

જ્યારે ટ્રમ્પે ૨ એપ્રિલના રોજ વિવિધ દેશો પર ટેરિફની જાહેરાત કરી, ત્યારે એક ચાર્ટ બહાર પાડ્યો હતો, જેમાં માહિતી આપવામાં આવી હતી કે કયા દેશ પર કેટલો ટેરિફ લાદવામાં આવ્યો. અમેરિકાએ આ ગણતરી માટે એક ફોર્મ્યુલા પણ શેર કર્યો, જે એક જટિલ ગણિત જેવો છે. પરંતુ જો ફોર્મ્યુલા સમજો તો તે સાદુ ગણિત છે. ગણતરી માટે કોઈ ચોક્કસ દેશ સાથે અમેરિકાની ગુડ્સ વેપાર ખાધ લો, તેને તે દેશમાંથી થતી કુલ આયાત વડે વિભાજિત કરો અને બાદમાં તે સંખ્યાને બે વડે વિભાજિત કરો.

જો આપણે ચીન અને અમેરિકાના ઉદાહરણથી સમજીએ, તો ધારો કે અમેરિકાની વેપાર ખાધ ૨૯૫ અબજ ડોલર છે. જ્યારે તે ચીન પાસેથી કુલ ૪૪૦ અબજ ડોલરનો માલ ખરીદે છે. આવી સ્થિતિમાં, ૨૯૫ ને ૪૪૦ વડે ભાગવાથી ૬૭% મળે છે. હવે જો આપણે તેને ૨ વડે ભાગીએ, તો ચીન પર લાદવામાં આવેલ ટેરિફ ૩૪ ટકા થશે. આ જ ગણતરીના આધારે ભારત પર પણ ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરવામાં આવી છે.

# અહીં શિવજી પણ બ્રહ્મ હત્યાનું પાપ ધોવા આવ્યા હતા, જાણો સુરતના પ્રાચીન શિવ મંદિરનું માહાત્મ્ય





શ્રાવણ મહિનાની શરૂઆત સાથે સુરતમાં પૌરાણિક શિવ મંદિરનો મહિમા વધી રહ્યો છે તેમાં પણ તાપી કિનારે ફૂલપાડામાં પ્રભાવશાળી ગુપ્તેશ્વર મહાદેવ મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પ્રતિક બની જાય છે. આ મંદિર માટે એવી લોકવાયકાઓ છે કે, આ પૌરાણિક મંદિરે શિવજી બ્રહ્મ હત્યાનું પાપ અને ગંગાજી પાપ ધોવા આવ્યા હતા ગુપ્ત રીતે તેઓ અહી રોકાયા હતા. એટલું જ નહીં, પાંડવો વનવાસ વખતે ગુપ્તવાસમાં આ જગ્યાએ રોકાયા હતા. આજે વર્ષો બાદ પણ આ મંદિરનું મહત્ત્વ શ્રદ્ધાળુઓમાં યથાવત રહ્યું છે આ પૌરાણિક મંદિરનો ઉલ્લેખ તાપી પુરાણનો સ્કંધ પુરાણમાં પણ ઉલ્લેખ કરવામા આવ્યો છે. હાલ શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે આ પૌરાણિક મંદિર આજે પણ શ્રદ્ધાળુઓ શિવ ભક્તિ માટે શિવ આરાધના માટેનું મંદિર બની જાય છે.

**દશરથપુત્ર ભરતે સ્થાપેલું શિવલિંગ**

શ્રાવણ માસની શરૂઆત સાથે સુરતીઓ બાર મહાદેવ તથા અન્ય ધાર્મિક પ્રવાસે જાય છે ત્યારે કેટલાક શિવ ભક્તો સુરત જ નહી પરંતુ દક્ષિણ ગુજરાત થી સુરત ખાતે આવેલા પૌરાણિક શિવ મંદિરોમાં શિવ આરાધના કરવા માટે આવે છે. આવું જ એક પૌરાણિક મંદિર તાપી કિનારે પાંચ પાંડવ ઓવારા ખાતે ફૂલપાડા વિસ્તારમાં આવ્યું છે અને તે મંદિરનું નામ છે ગુપ્તેશ્વર મહાદેવ મંદિર. આ મંદિરનો ઉલ્લેખ તાપી પુરાણ અને સ્કંધ પુરાણમાં કરવામાં આવ્યો છે. એવુ કહેવાય છે કે આ મંદિરમાં શિવલિંગની સ્થાપના દશરથ પુત્ર અને ભગવાન રામજીના ભાઈ ભરતે કરી હતી.

**સ્વયં શિવ અને ગંગાએ પાપ ધોયા હોવાની માન્યતા**

શ્રદ્ધાળુ આ મંદિર અંગે માહિતી આપતા કહે છે કે આ મંદિર માટે અનેક દંતકથા છે તેમાં એવી વાત છે કે, મહાદેવજીએ બ્રહ્માજીનું પાંચમુ મુખ વાઢી નાખ્યું હતું તેથી બ્રહ્મ હત્યાનું પાપ લાગ્યું હતું. જેના કારણે આ પાપ ધોવા માટે શિવજી ગંગાજી કિનારે ગયા હતા પરંતુ ગંગાજી ત્યાં જોવા મળ્યા ન હતા તેથી શિવજીએ તેમની દ્રષ્ટિ થી જોયું તો ગંગાજી ગુપ્ત રીતે તાપી નદીમાં આવ્યા હતા. તેથી શિવજી પણ ગુપ્ત રીતે ગંગાજી પાસે પહોંચી ગયા હતા. ગંગાજી સુરતની તાપી નદી કિનારે આવ્યા હતા તો શિવજીએ તેમને આવવાનું કારણ પૂછ્યું તો તેઓએ કહ્યું હતું કે હજારો લોકો પોતાના પાપ મારામાં સ્નાન કરીને ધોઈ છે તેથી પાપનો ભાર વધી ગયો છે તેથી આ પાપ ધોવા માટે તેઓ અહીં આવ્યા છે. તો શિવજીએ પણ કહ્યું મારે પણ બ્રહ્મ હત્યાનું પાપ છે તેથી મારે પણ પાપ ધોવા છે.

આમ આ જગ્યાએ ગુપ્ત રીતે ગંગાજી અને શિવજીએ સ્નાન કર્યું હતું તેથી આ જગ્યાને ગુપ્તેશ્વર કહેવામાં આવે છે. વર્ષોથી આ જગ્યાએ મહાદેવજીનું મંદિર છે તેથી આ મંદિર ગુપ્તેશ્વર મહાદેવ મંદિર તરીકે ઓળખવામાં આવે છે અને આ પાંડવ વખતનું મંદિર હોવાનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. આ ઉપરાંત અહીં ગુપ્ત ગંગા વહેતું હોવાનું પણ કહેવામાં આવે છે. શિવજીની જટામાંથી ઉત્પન્ન થયેલી ગંગાજી અને શિવજીએ આ ક્ષેત્રમાં ગુપ્તવાસ કર્યો હતો જેથી તેમની સ્મૃતિ રૂપે અહીં પ્રાચીન શ્રી ગુપ્તેશ્વર મહાદેવ નું ભવ્ય મંદિર શ્રાવણ માસમાં શિવ ભક્તો માટે અનેરું સ્થાન ધરાવે છે.

**પાંડવો ગુપ્તવાસ સમયે અહીં રોકાયાની માન્યતા**

પાંડવોને ૧૨ વર્ષનો વનવાસ થયો તે સમય દરમિયાન પાંડવો તાપી નદીના આ કિનારા પર લાંબો સમય વિતાવ્યો હતો અને તેના કારણે આ જગ્યાએ પાંચ પાંડવોના મંદિર પણ આવ્યા છે.

**કર્ણને દાહ અપાયા બાદ પાંડવોએ અહીં કર્ણનું તર્પણ કર્યું હતું**

તાપી નદી કિનારે ફૂલપાડા ખાતે આવેલા પાંચ પાંડવ ઓવારાનું અનેરુ ઐતિહાસિક મહત્ત્વ છે. ફૂલપાડાના તાપી નદીના કિનારા પર આવેલા પાંચ પાંડવના ઓવારા નજીક આવેલા ત્રણ પાનના વડની કુંવારી ભૂમિ ઉપર કર્ણને અગ્નિ? દાહ આપવામાં આવ્યો હોવાનો મહાભારતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપરાંત કર્ણને દાહ અપાયા બાદ પાંચેય પાંડવોએ કર્ણનું તર્પણ આ સ્થળ પર કર્યું હતું.

**પૌરાણિક પાંચ પાંડવની પ્રતિમા આજે પણ અહીં છે**

આ મંદિર નજીક પાંચ પાંડવ ઓવારો છે અને પાંચ પાંડવોની પ્રાચીન પ્રતિમા મંદિરની નીચેના ભાગે જોવા મળે છે. આ જગ્યાએ કર્ણનું તર્પણ પાંડવોએ કર્યું હતું ત્યારથી આ જગ્યા તર્પણ વિધી માટે જાણીતી બની છે અને આજે પણ અહી શ્રાધ્ધ શાળા જોવા મેળે છે. દક્ષિણ ગુજરાતમાં રહેતા લોકોના ઘરના સ્વજન ના અવસાન થાય ત્યાર બાદ અનેક લોકો પરિવારના મૃતક સ્વજનની તર્પણ વિધી કરવા માટે પાંચ પાંડવ ઓવારા પર વર્ષોથી આવે છે. આ જગ્યાએ તર્પણ કરવામા આવે તો પિતૃઓને મોક્ષ મળે છે તેવી માન્યતા આજે પણ ચાલી આવી છે. આ ઉપરાંત અનેક ધર્મવિધી પણ આ ઓવારા પર કરવામાં આવે છે.

**પાળો બની જતા મંદિરથી તાપી દર્શન માટે ઓટલો બનાવ્યો છે**

સુરતમાં ૨૦૦૬ની રેલ પહેલાં ગુપ્તેશ્વર મહાદેવ મંદિરથી સીધા તાપી દર્શન થઈ જતા હતા. પરંતુ રેલ બાદ સુરતની તાપી નદી પર બનેલા પાળાના કારણે તાપી કિનારાની ઐતિહાસિક ધરોહર સામે ખતરો ઊભો થયો છે. પાળા બની ગયા બાદ હવે આ મંદિરમાંથી તાપી માતાના દર્શન કરવું મુશ્કેલ બન્યું છે તેથી હવે તાપી દર્શન માટે ઓટલો બનાવવામાં આવ્યો છે. પાળાની ઊંચાઈ સુધી ઓટલો છે આ ઓટલા પર ઉભા રહો એટલે હવે તાપી દર્શન શકય બને છે.

# શ્રી કપડવંજ મોઢ બ્રાહ્મણ બંધુ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા





અમદાવાદ ખાતે શ્રી કપડવંજ મોઢ બ્રાહ્મણ બંધુ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૧૨ અને સ્નાતક કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે, સમાજના પ્રમુખે જણાવ્યું કે સમાજ દ્વારા અન્ય ઘણી સામાજિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છેઃ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વગર વ્યાજે લોન આપવામાં આવે છે. ગરીબ પરિવારોને અનાજનું વિતરણ કરવામાં આવે છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS NO 343**

વિષય :- પવિત્ર શ્રાવણ માસ
શીર્ષક :- સૃષ્ટિમાં સર્વવ્યાપ મહાદેવ
પ્રકાર :- પદ્ય શબ્દો :- ૨૦૦

ચંદ્રનાં ક્ષયનાં દુ:ખ દર્દ દૂર કરી બિરાજ્યાં ગુજરાતનાં સૌરાષ્ટ્રમાં પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ,
શિવ પાર્વતીનાં પુત્ર ગણેશ કાર્તિકનાં પ્રેમનાં પરિણામથી સ્થાપિત આંધ્રપ્રદેશમાં શૈલે મલ્લિકાર્જુન મહાદેવ,
રાક્ષસ દૂષણનો નાશ કરી મધ્યપ્રદેશમાં વિક્રમાદિત્યનાં ઉજ્જૈનમાં સદાય રાજા છે મહાકાલેશ્વર મહાદેવ,
વિંધ્યાશલ પર્વતએ મેરુથી મહાન બનવાં કરી પ્રાર્થનાથી નર્મદા તટે પ્રગટ્યાં બે હોવા છતાં એક મમલેશ્વર ને ૐકારેશ્વર મહાદેવ,
રાવણ નવ શીશ કાપી શિવપૂજા કરતાં ઝારખંડ દેવઘરમાં પ્રગટ્યાં વૈધનાથ મહાદેવ,
અસુર ભીમાનાં અત્યાચારથી મહારાષ્ટ્ર પુના સહ્યાદ્રી પર્વતમાં ભીમાનદી તટે પ્રગટયા ભીમાશંકર મહાદેવ,
ભગવાન શ્રીરામે જ તમિલનાડુ સમુદ્ર તટે રામનાથપુરમ ખાતે શિવજીનાં આશિર્વાદ સાથે સ્થાપ્યું રામેશ્વર મહાદેવ,
શિવભક્ત સુપ્રિયાની ભક્તિથી દારુક રાક્ષસનો નાશ કરી વ્હારે આવી પ્રગટ્યાં ગુજરાતમાં દ્વારકા પાસે નાગેશ્વર મહાદેવ,
બ્રહ્મા વિષ્ણુનો અહમ દૂર કરી મોક્ષનગરી કાશી વારાણસીમાં શક્તિ સાથે શિવ બિરાજ્યાં વિશ્વનાથ મહાદેવ,
ગૌતમ મુનિ અહલ્યાને ગૌહત્યા નાં શ્રાપથી મુક્ત કરવા ગંગાજી સાથે મહારાષ્ટ્ર નાસિકમાં પ્રગટ્યાં ત્રંબેકશ્વર મહાદેવ,
હિમાલયમાં પાંડવોનું પાપનું પ્રાયશ્ચિત કરવાં શ્રદ્ધા આસ્થા ભક્તિરૂપે પ્રગટ્યા ઉત્તરાખંડમાં કેદારનાથ મહાદેવ,
બહેન સુધાની બાળહત્યાથી ધુષ્માની આસ્થાથી પુત્ર સજીવન કરી મહારાષ્ટ્ર દોલતાબાદમાં સ્થાપિત થયાં ધુષ્ણેશ્વર મહાદેવ.
સનાતન ભારત દેશમાં આરંભ થી અંત જન્મથી મરણ સુધી સર્વ વ્યાપ છે ફક્ત મહાદેવનું નામ,
' ચંદ્ર ' સૂર્યનાં ઉજ્જવળતા જેવું સૃષ્ટિમાં પ્રકાશિત છે બાર જ્યોર્તિલિંગ સાથે મહાદેવ શંકરનું સર્વશ્રેષ્ઠ નામ.

' ચંદ્ર ' ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

**NOG SSNO384.**

વિષય : પવિત્ર શ્રાવણ માસ. પ્રકાર: પદ્ય. શબ્દ સંખ્યા:૧૭૦. શીર્ષક:નિરાકાર શિવ.

શિવ આરાધનાનું મહા પર્વ શ્રાવણ માસ.
એક બિલી પત્ર અને જલ ધાર ચડે શિવને.
ડમરુંધારી ગળામાં શોભે રુદ્ર માળા સહિત નાગ.
જટામાં બિરાજે ગંગાજી નંદી પર અસવાર.
કૈલાસ ઉપર બેઠો મારો ભોળિયો મહાદેવ.
સોમનાથમાં દરિયો કરે પ્રભુ તને અભિષેક.
નાગેશ્વરમાં દાસકા દાનવનો કર્યો અંત .
મલિક્કાર્જુન બિરાજે કૃષ્ણા નદી કિનારે .
હર યુગમાં પૂજન કરે દેવ અને દાનવો .
મધ્યમાં બિરાજે ક્ષિપ્રા તટે મહાકાલેશ્વર મૃત્યુને ભગાવે દૂર.
કાશી વિશ્વનાથ શોભે ગંગા ઘાટ વારાણસી ગમે શિવને.
ગોદાવરીના સ્ત્રોત્રમાં રહે ત્ર્યંબકેશ્વર બ્રહ્મગિરિ સાથ.
ભીમાશંકર પ્રગટ થયા ભમવતી તટે ભીમકાય સ્વરૂપ.
ઓમકારેશ્વરનું સ્થાન મા નર્મદા ૐના આકારે દિશે.
મમલેશ્વરના દર્શન થાય એક સાથે એકમેકના સાથે.
કેદારનાથ બિરાજમાન હિમાલયની ગોદમાં.
ચાર ધામનું એક ધામ જીવતા કરે દર્શન થાય ઉદ્ધાર.
ત્ર્યંબકેશ્વર બ્રહ્મા વિષ્ણુ મહેશ એક સાથે દેખાય.
રામેશ્વરમ રઘુનંદન સ્વયં પૂજન આરાધના કરી.
ધુણેશ્વરમાં બૌદ્ધ સાધુઓ દયાન ધરી કરે પ્રણામ.
વૈદ્યનાથ જે દેવો માને પોતાનું ઘર કરે સૃષ્ટિનો ઉદ્ધાર .
શિવ હિ સકલ સ્વરૂપ અને નિરાકાર ૐકાર છે.
ભૂલોકમાં શ્રાવણ માસમાં જલાઅભિષેક કરે ઈન્દ્ર.
જો નર નારી કરે પૂજન એક બિલીપત્રથી પાવન થાય જીવન.

ડૉ સતિષ એસ. પટેલ" પ્રકૃતિ રક્ષક"અમદાવાદ.

ર્દ્રજીજી-૧૦૬
વિષય-શ્રાવણ
શીર્ષક-સરળ સાત્વિક શ્રાવણ
પ્રકાર-ગદ્ય
શબ્દ-૨૧૯

શ્રાવણ મહિનો કહું? કે "સાવનકા મહિના" કહુ?
હિન્દી ફિલ્મોએ શ્રાવણને કેટલો રૉમેન્ટિક બનાવી દીધો છે!
"સાવનકા મહિના પવન કરે સોર. સોર નહિ બાબા શૉર શૉર શૉર."
સાવન આયા ઝૂમકે!
સાવનની રસભરી વાતો, હિન્દી ફિલ્મો માંથી મનભરીને સાંભળીએ છીએ.
"ગાઈડ" જેવી ફિલ્મોએ વયસાદ વરસાવીને ઈશ્વર પ્રત્યેની અડગ શ્રદ્ધા સાબિત કરીતો ચોક્કસસ કહી શકાય કે
સ્નેહ ભક્તિ અને સમર્પણનો મહિનો એટલે શ્રાવણ
ઉત્સાહ અને આનંદ,
સરળ સાત્વિક શુદ્ધિનો મહિનો એટલે શ્રાવણ!
બાર મહિનામાં સૌંદર્ય સભર મહિનો એટલે શ્રાવણ.
વર્ષારુતુની મધ્યમાં આવતા શ્રાવણમાં, મેઘના ધોધથી અવિરત ભીંજાયેલી ધરતી,નવોઢાની જેમ, હરિયાળી ચુંદડી ઓઢીને,પીયૂની રાહ જોતી બેઠી હોય! એવામાં ઝીણા ઝરમર વરસતા મેઘ સૌંદર્યની પરાકાષ્ઠા!
કવિએ સરસ ગાયું છે!"જીણા ઝરમર વરસે મેઘ,ભીંજાય મારી ચુંદડી રે ભીંજાય હાથી
ને ભીંજાય ઘોડલા રે
ભીંજાય મારો હાથીએ બેસનાર સૂબો!"
શ્રાવણનાં સરવરિયાં બની,અંતરમાં ગલગલીયાં કરતાં, ધરતી રાણીને પુલકિત કરી દે..
એનો આનંદોચ્છવ ઓછો ન હોય!
મનુષ્ય જીવન પર એની અસરો વર્તાય!
શ્રાવણ રંગીનિયતનો મહિનો તો છે,
સાથે
સાત્વિકતાનો, શિવની અપાર મહિમા પણ ખરોજ!
"અસિતગિરિ સમં સ્યાત્. કજ્જલમ્ સિંધુ પાત્રે.
સૂર તરુવર શાખા લેખિની પત્ર મૂર્વી!
લિખતિ યદિ ગૃહિત્વા શારદા સર્વ કાલમ્,
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ!".. (શારદા દેવી અનંત દરિયાની શાહી બનાવી,વૃક્ષોની કલમથી લખીને પ્રશંસા કરતી રહેશે તોય ઈશ્વરના ગુણોનો પાર નહિ આવે!
એવો શિવની મહિમાનો,
મહિનો એટલે શ્રાવણ.

મુક્તિદા કુમાર
"રુપલી"

**NOG # 230**

વિષય : શ્રાવણ માસ
શીર્ષક : વરસાદ ગાજે
શબ્દ : ૮૭
પ્રકાર : પદ્ય

વિરહની રાત ને વરસાદ ગાજે?ટપકતી આંખ ને વરસાદ ગાજે
?લચેલા આજ પુષ્પો નીર ભારે?હદય વીંધાય ને વરસાદ ગાજે
?વિહંગમ વિંટળાતા એક બીજાં?છે ભીની પાંખ ને વરસાદ ગાજે
?શ્રાવણ કાળજાંને કોતરે રે?ધરા છે શાંત ને વરસાદ ગાજે
?ગરજતો ને વરસતો મેઘ આવ્યો?છે ભીનો ચાંદ ને વરસાદ ગાજે
?છે નમણી નાર વર્ષા છે મુશળધાર?હ્દર્ય છે આદ્ર ને વરસાદ ગાજે
?બરફની જેમ જાઉં ઓગળી હું?નથી પ્રિય સાથ ને વરસાદ ગાજે
?ન સપનાંનાં નયન આ બંધ થાય?ન આવે નાથ ને વરસાદ ગાજે

સપના વિજાપુરા

**Nog SSO NO: 229**

વિષય: પવિત્ર શ્રાવણ માસ
શિર્ષક : પુનિત પ્રેરણા શ્રાવણના મંગલ પગલે
પ્રકાર: ગદ્ય. શબ્દો: ૩૫૦

પવિત્રતાના સંદર્ભે વર્ષના બધા મહિનાઓ સારા છે પણ શ્રાવણ માસ જપ, તપ અને ધાર્મિક કાર્યો માટે નિર્વિવાદ સર્વોત્તમ ગણાય છે. શ્રાવણે જો માપસરનો વરસાદ વરસે અને ખેડૂતની યોગ્ય મહેનત ફળે તો ઉત્તમ અનાજ-કઠોળ,ફળ - ફૂલ પાકતાની સાથે સકળ સૃષ્ટિમાં પ્રભુ આનંદની વિશિષ્ટ વર્ષા કરાવે છે.

ઈશ્વરના દરબારમાં કોઈ વાતની ખોટ નથી પરંતુ પસંદગી મનુષ્ય કરવાની રહે છે એ હકારાત્મક વિચારુંવાળું ઉત્તમ જીવન જીવવું ?કે પછી નકારાત્મક માર્ગે મુસાફરી કરી જીવનનો વિનાશ કરવો. જ્યારે પવિત્ર વાતાવરણવાળા નાના- મોટા મંદિરોમાં આરતી મંદિરની આરતી ની ઝાલરો શ્રાવણ માસે ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરી દે છે ત્યારે પ્રભુ ખોટા માર્ગે ફસાયેલા ગુનેગારોને પણ તેમનું અધમ જીવન સુધારવાની તક આપે છે. પરંતુ દરેક મનુષ્ય પોતાના ધર્મ-કર્મ વાણી-વર્તન તેમજ ખાનપાનની પસંદગી પોતે કરવી.

ઈશ્વરાધિન ભક્તો શ્રાવણ માસે જ્યોર્તિલિંગોવાળા મંદિરોમાં ભજન દર્શન ભોળા શિવજીને રિઝવવા પ્રવાસ કરીને પોતાની પવિત્ર બનાવવા અથવા પ્રયત્નો રાત દિવસ કરે છે.દરેકે વિવેકબુદ્ધિથી સારી-નરસી બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ.કારણકે તેણે
આભાર - નિહારીકા રવિયા પોતાની જીવનનાવને સંસાર સાગરમાં હંકારવાની હોય છે. વળી વિશિષ્ટ વાર-તહેવારોની વધુ સંખ્યા, સોમવાર અને અગિયારસનું મહત્વ દિન પ્રતિદિન ભક્તોને પુનિત પગલે જીવવા જકડી રાખે છે. પવિત્ર નદીઓના નિર્મળજળની કાવડો લઈને શિવજીને જલાભિષેક કરવાની ભક્તિમય પદયાત્રા કરતા કાવડિયાઓની શક્તિ-ભક્તિનું શારીરિક- માનસિક સુસંચાલન દેવાધિદેવ ભોળાશંકર કરે છે.

શ્રાવણ માસમાં વરસાદની આવન જાવન વચ્ચે માનવીના તન-મનમાં સાંસ્કૃતિક પ્રાકૃતિક પરિવર્તન સવિશેષ રહે છે . ઉત્તમ ઉત્તમ ધર્મના સંદેશાઓ આધ્યાત્મિક ઊર્જાઓની વૃદ્ધિ ,કલારસિક પ્રવૃત્તિઓની પ્રગતિ સાથે લીલીછમ ઓઢણી ઓઢીને સોળ શણગાર સજેલી અવનિના ઉમંગ સવિશેષ હોય છે. ઈશ્વર તો અલહાદક લીલાઓની સહર્ષ ભક્તિ સ્વીકારીને ભક્તોના આનંદ ઉમંગમાં વધારો કરે છે.

શ્રાવણમાં ફરાળ તેમજ ખાનપાનની વિવિધતા જોવા મળતા દરેકે મંદ પડેલી પાચનશકિત પ્રમાણે જપ-તપ ઉપવાસ સાથે તબિયત સારી રાખવી પડે છે. વર્ષારાણીના નૂપુર ઝણકાર સાથે માનવજીવનમાં પ્રવેશ કરતો શ્રાવણ માસ અતુલ્ય અભિગમ સાથે દરેકને જપ-તપ, ઉપવાસ અને ભક્તિ માટે ઉત્તેજિત કરે છે.

જેની પવિત્ર પ્રેરણાથી પ્રેરાઈને દરેકે પોતાના જીવન કવનનો ઉદ્ધાર થાય તેવા આચારવિચારવાળીપરોપકારી પ્રવૃત્તિ પસંદ કરી વધારી દેવી. જોકે, વિશ્વકલ્યાણ માટે હકારાત્મક તન-મનની ઉર્જા સાથે ભક્તિનો મહાસંદેશ સમગ્ર સૃષ્ટિ પર ફેલાવીને શ્રાવણમય રંગે રંગાઈ જવાનું સમયનું આમંત્રણ દરેકે સ્વીકારીને જીવનસાફલ્ય સ્વયં કરવું જોઈએ.

લેખક -" પ્રપાશી" પરેશ મ.પાઠક

**NOG SS NO. 385**

વિષય:- પવિત્ર શ્રાવણ માસ
પ્રકાર:- ભક્તિગીત
શીર્ષક:- શિવ આરાધના
શબ્દ સંખ્યા:- ૧૩૫

ધરી છે મસ્તકે ગંગા અને જટામાં ચંદ્ર સોહે છે,
વદન છે દિવ્ય કૈં એવું, જગતભરને જે મોહે છે.

ત્રિશૂળ, ડમરુ લઈને, સદા કૈલાસે બિરાજે છે,
ગળે સર્પો તણી માળા, ઘણી સુરમ્ય છાજે છે.

વિંટ્યું વ્યાઘ્રચર્મ ડિલે, શરીરે ભસ્મ ચોળી છે,
ગણોનો સાથ છે જેને, સંગે ભૂતોની ટોળી છે.

રહે ઉમાની સંગે એ, છતાં કહેવાય છે વૈરાગી,
છે યોગી નથી ભોગી, જગતના છે મહાત્યાગી.

અનાદિ ને અનંત છે, વળી નિરંજન, નિરાકારી,
છે નર્તન તણા એ દેવતા, તેથી લાગે અલગારી.
બ્રહ્મા સર્જક, રક્ષક વિષ્ણુ, શિવ પ્રલયસ્વામી,
કરે નિયંત્રણ ત્રિલોકનું, સાચે એ જ અંતર્યામી.

વિનાશ કરવાને દુષ્ટોનો, ત્રીજું એ નેત્ર ખોલે છે,
બમબમ ભોલે નાદ સંગે, કરી તાંડવ એ ડોલે છે.

કાર્તિકેય, ગણેશ, ઓખા, જેના સંતાનો સંસ્કારી,
નંદી સન્મુખ બિરાજે છે, સદા છે એ આજ્ઞાકારી.

આશુતોષ, ગંગાધર, શંભુ, મહાદેવ દેજો સુશિક્ષા,
'સનમ' વિનવે મસ્તક નમાવી, યાચે કલ્યાણ દીક્ષા.

મુકુલ દવે "સનમ".
★ ૐ હર હર મહાદેવ ૐ

**NOG SS 321**

વિષય. શ્રાવણ માસ
શીર્ષક. " પવિત્ર શ્રાવણ "
પ્રકાર. ગદ્ય.શબ્દ.૨૧૮

શ્રાવણ માસ હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને ધાર્મિક મહત્ત્વ ધરાવતો મહિનો છે. આ મહિનો સામાન્ય રીતે જુલાઈ-ઓગસ્ટ દરમ્યાન આવે છે અને વર્ષના બાર મહિનામાં સૌથી વધુ પૂજા-અર્ચના, વ્રત-ઉપવાસ અને ધાર્મિક કાર્યક્રમો આ મહિને યોજાય છે.

શ્રાવણ માસનું નામ ચંદ્રના નક્ષત્ર "શ્રવણ" પરથી પડ્યું છે. માન્યતા છે કે આ મહિને ભગવાન શિવની ઉપાસના કરવાથી અપાર પુણ્ય અને આશીર્વાદ પ્રાપ્ત થાય

શ્રાવણ માસ ભગવાન શિવને અત્યંત પ્રિય છે. પુરાણોમાં વર્ણવાયું છે કે સમુદ્ર મન્થન દરમિયાન નીકળેલું હાલાહલ નામનું વિષ ભગવાન શિવે પાન કર્યું હતું અને વિશ્વનું રક્ષણ કર્યું હતું.

આ મહિને સોમવારના દિવસે શિવજીની પૂજા ખાસ ફળદાયી માનવામાં આવે છે, જેને "સાવન સોમવાર" તરીકે ઓળખવામાં આવે છે.

ભક્તો કાંવર લઈ ગંગાજળ અથવા પવિત્ર નદીનું જળ લાવી શિવલિંગ પર અભિષેક કરે છે સોમવારના ઉપવાસ, પ્રદોષ વર્ત અને મંગળગૌરી વ્રત આ મહિને પ્રચલિત છે.
ભક્તો શિવ મંદિરોમાં રાત્રે જાગરણ કરી ભજન-કીર્તન કરે છે. બિલ્વપત્ર, ધતૂરા, આકડીના ફૂલ અને ગંગાજળ શિવલિંગ પર ચઢાવવાની પરંપરા છે.

શ્રાવણ માસમાં વર્ષા ઋતુનો પ્રારંભ થાય છે. વરસાદી મોસમમાં શરીરને શુદ્ધ અને તંદુરસ્ત રાખવા માટે ઉપવાસ, હળવા અને સાત્વિક આહાર લેવાથી પાચન શક્તિ સુધરે છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

શ્રાવણ માસ ભક્તિ, શ્રદ્ધા અને શાંતિનો મહિનો છે. આ મહિને કરેલી ઉપાસના, દાન, સેવા અને સારા કાર્યો જીવનમાં સકારાત્મક ઊર્જા લાવે છે અને માનસિક શાંતિ પ્રદાન કરે છે.

સુચિતા રાવલ
ર્દ્ર જીજી ૦૦૩૭
વિષય - શ્રાવણમાસ
શીર્ષક - સોમનાથ
પ્રકાર - પદ્ય.
શબ્દ - ૧૧૨

શ્રાવણ માસે સોમનાથ ધામે,
દેવોના દેવ મહાદેવ બિરાજે,
દર્શન કરો તો બેડો પાર,
સૌ લોક દર્શને આવજો....!

હરી અને હર જ્યાં સંગે બિરાજે,
હિંદ મહાસાગર અભિષેક કરે,
બોલો હર હર મહાદેવ,
સૌ લોક દર્શને આવજો....!

કપીલા સરસ્વતીને હિરણ આવે,
આવી હરી હરના ચરણ પખાળે,
આવો અદ્ભૂત ત્રિવેણી સંગમ,
સૌ લોક દર્શને આવજો.....!

દર્શન કરે તેનાં કષ્ટ હરી હરશે,
ભાવથી ભાજસો ભોળાનાથ આવશે,
સૌરાષ્ટ્રે પ્રથમ જ્યોર્તલિંગ,
સૌ લોક દર્શને આવજો...!

ધરા અલૌકિક સૃષ્ટિમાં એક છે,
હરી અને હરનો કણ કણમાં વાસ છે,
ભવસાગર તરી જવાય,
સૌ લોક દર્શને આવજો...!

શ્રાવણ વરસે સરવળે જેમ
કૃપા દ્રષ્ટિ શિવની સંસારનાં
સર્વે જીવો પર વરસતી રહે એજ અભ્યર્થના ' હેમની '

હેમલતા દિવેચા 'હેમ ' જૂનાગઢ.

**NOGSS No.: 0141**

વિષય: "પવિત્ર શ્રાવણ માસ"
શીર્ષક: "ભોળો મનેખ!"
પ્રકાર: પદ્ય / અછાંદસ સોનેટ. શબ્દો: ૧૩૭.

દોડ્યા કરતું, વૈતરું નિરંતર, રહેતો નઈ કોઈ આરો;
શ્રાવણ આપે, સુકુન એવાં, ને ભવપાર ઉતારનારો!

આખો મહિનો, રહે ઉપવાસ, કોઈક તો ન લે પાણી;
માંસ મદિરા, વર્જ્ય ગણે, કરે ભજન દૈ મીઠી વાણી!

આમેય ઋતુ વર્ષાની આ, કામ કશું ના દેતી ઉકલવા;
તેથી તો મેળા, નદી ઘાટ તીરથ, ગોઠવાયા મ્હાલવા!

મોટા મહત્વના, તહેવાર સંઘરી, બેઠો છે આ સાવન;
હેતે હરખી કરે દાન ધર્મ સહુ, માને કાયા થઈ પાવન!

ભાઈ બહેનના સ્નેહનું મૂલ્ય ના થઈ શકે કોઈનાથી;
રક્ષાબંધન પર્વ, ભીંજવી દે, એ હોય ભલે મહારથી!

ભવાટવીમાં ભટકાયેલા, સૌ શોધે રસ્તા કથાઓમાં;
વૈશંપાયન, એણીપેર બોલે, ભણે જન્મેંજય મનમાં!

ભોળો મનેખ! આ માસ, જો ભજે ભીતર ભૂતનાથ;
પામે તત્વ, સત્યમ્ શિવમ્ સુંદરમ્ મા'દેવ આદિનાથ!

રચયિતાનું નામ: રસિક વ. પરમાર, "રવ" ગામ: વસાઈ-ફિંચાલ (પાટણ, ઉ.ગુ.)

**NOG SS No : 0110**

વિષય- પવિત્ર શ્રાવણ માસ
શીર્ષક-‘‘ઉત્સવોની હારમાળા’’
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૯

હિન્દુ ધર્મના અસંખ્ય શ્રદ્ધાળુ લોકો આખા વર્ષ દરમિયાન પવિત્ર શ્રાવણ માસની આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે. આ માસ દરમિયાન ભગવાનની ભક્તિ કરી તેની નિકટ જવાનો અનેરો મહિમા છે. શ્રાવણ મહિનો એટલે તહેવારો અને ઉત્સવોની હાર માળા. રક્ષાબંધન, જન્માષ્ટમી, પુત્રદા એકાદશી, સંકષ્ટી ચોથ, અને અજા એકાદશી આમાંથી મુખ્ય તહેવારો છે જેમાંથી રક્ષાબંધન અને જન્માષ્ટમી લોકો ઉત્સવ રૂપે મનાવે છે જ્યારે પુત્રદા એકાદશી, સંકષ્ટી ચોથ અને અજા એકાદશી લોકો શ્રદ્ધાપૂર્વક વ્રત અને ઉપવાસ થકી ઉજવે છે. અહીં આપણે લોકહૃદયમાં સ્થાપિત બે મુખ્ય તહેવારોની વાત કરીશું.
રક્ષાબંધનનું પર્વ શ્રાવણ સુદ પૂનમના દિવસે આવે છે. આ દિવસે બહેન આભાર - નિહારીકા રવિયા પોતાના ભાઈની રક્ષા માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરે છે અને તેના દીર્ઘાયુ જીવન માટે કામના કરે છે. ભાઈ અને બહેનની પરસ્પરની લાગણી એક તહેવાર બનીને ઉપસી આવે છે. ગમે તેવા વ્યસ્ત જીવનમાં જીવતા ભાઈ કે બહેન ચાહે તેઓ દુનિયાના કોઈપણ ખૂણે વસતા હોય, પરંતુ આ દિવસે અચૂક પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મળવા કોશિશ કરતાં હોય છે અને એકબીજાના સુરક્ષિત અને સમૃદ્ધ જીવનની કામના કરે છે. બહેન ભાઈને દુનિયાના કોઈપણ ભય કે અનિષ્ટથી બચાવવા માટે ભાઈને તિલક કરીને એક રક્ષાની દોરી તેના કાંડા ઉપર બાંધે છે અને તેને જીવનમાં ફતેહ થવા માટે આશિષ આપે છે. ભાઈ પોતાની બહેનને પ્રેમ અને લાગણીથી પોતાની શક્તિ અનુસાર નાની મોટી ભેટ આપીને તેની સુરક્ષાનો વાયદો કરે છે. જીવનની દરેક ક્ષણે ભાઈ પોતાની બહેનની પડખે ઊભો છે એવું સાંત્વન આપે છે.
શ્રાવણ માસની કૃષ્ણપક્ષની આઠમ એટલે ભગવાન શ્રીકૃષ્ણનો ધરતી ઉપર અવતરવાનો દિવસ. આ દિવસે કારાગૃહમાં કેદ દેવકીની કુખે વાસુદેવ અને દેવકીના આઠમા સંતાન તરીકે ભગવાન પોતે કૃષ્ણ તરીકે જન્મ લે છે. મહાઅત્યાચારી કંસ અને યુગમાં પ્રવર્તતા અધર્મનો નાશ કરવા માટે ભગવાન કૃષ્ણ બનીને અવતાર લે છે. શ્રી કૃષ્ણની જન્મથી લઈને દ્વારકાધીશ બન્યા ત્યાં સુધીની દરેક લીલાઓ અને મહાભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષે રહીને ધર્મનો વિજય કરાવવાની તેમની નીતિ સૌ ધર્મ પ્રેમીઓને વિદિત છે. મહાભારતના યુદ્ધ દરમ્યાન પરમ યોદ્ધા અર્જુનને તેનો વિશાદ દૂર કરવા માટે આ અતિ મહત્વપૂર્ણ ગીતાનું જ્ઞાન આપ્યું અને 'ભગવત્ ગીતા' એ હિન્દુ ધર્મનો એક પાયાનો પવિત્ર ગ્રંથ બની ગયો. એવા શ્રીકૃષ્ણનો જન્મદિવસ લોકો પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક દિલથી ઉત્સવ રૂપે મનાવે છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

**NOG.SS.No.0098**

વિષય:- પવિત્ર શ્રાવણ માસ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- સૃજન જયોતિ
શબ્દ:- ૧૫૦

શ્રાવણ માસ એ ભગવાન શંકરજીની આરાધના નો ભાવ ભક્તિનો માસ હોય છે .ભગવાન શંકર દેવાધી દેવ છે.

મહાદેવ શિવને ફક્ત ભારત અને શ્રીલંકામાં જ નહીં અપીતુ વિશ્વના અનેકો દેશોમાં ભગવાન શિવલિંગની પ્રતિમા કે એમનુ પ્રતિક શિવલિંગની પૂજા નો પ્રચલન છે. ભક્તો ભગવાન શિવના પ્રતિક શિવલિંગ ને પોતાની શ્રદ્ધાનું સાર જુદી જુદી રીતે બનાવીને પૂજા અર્ચના કરે છે .સોમવાર નો ઉપવાસ રાખે છે.શિવલિંગ પર જળ દૂધ, ગંગાજળ થી અભિષેક કરે છે. રુદ્રાભિષેક અને શિવ ચાલીસા નો પાઠ કરાય છે. કાવળયાત્રા ગંગાજલ લાવીને શિવલિંગ નું અભિષેક કરે છે. ઓમ નમ: શિવાય અને મહામૃત્યુંજય મંત્ર નો જાપ કરે છે ભગવાન રામજીએ પણ રામેશ્વરમાં શિવલિંગ બનાવીને પૂજા અર્ચના કરી હતી.

અંડાકાર અને પારદ શિવલિંગ સિવાય શિવલિંગના છ પ્રકારો છે. દેવલિંગ ,અસુર લિંગ ,પુરાણ લિંગ મનુષ્ય લીંગ, સ્વયંભૂ લિંગ ,અરશ લિંગ.

શિવલિંગ નો અર્થ શિવલિંગ ભગવાન શિવની રચનાત્મક અને વિનાશકારી બંને શક્તિ ને પ્રદર્શિત કરે છે શિવલિંગ નો અર્થ " સૃજન જ્યોતિ "એટલે ભગવાન શિવ ના આદિ અનાદિ સ્વરૂપ શિવલિંગનો આકાર બ્રહ્માંડમાં ફરી રહી આકાશ ગંગા ના સમાન છે આ શિવલિંગ બ્રહ્માંડમાં ફરી રહેલા પિંડોનું એક પ્રતીક છે.

શિવજીની પૂજા અર્ચના કરવાથીઅપાર પુણ્ય મળે છે દાન ધર્મ કરવાથી સકારાત્મકતા વધે છે હર હર મહાદેવ.

લીના શર્મા
હાલોલ.

# અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે નારી સ્વાવલંબન દિવસની ભવ્ય ઉજવણી



અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે નારી સ્વાવલંબન દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મહિલાઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં માનનીય જિલ્લા કલેક્ટરશ્રીએ હાજર મહિલાઓ અને અધિકારીઓને સંબોધતા જણાવ્યું કે, “નારી સ્વાવલંબન દિવસ મહિલાઓની આંતરિક શક્તિ અને સ્વનિર્ભરતાનું પ્રતીક છે. ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ દ્વારા મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા અને તેમની પ્રતિભાને ઉજાગર કરવા સતત પ્રયાસો થઈ રહ્યા છે.” તેમણે મહિલાઓને સરકારી યોજનાઓનો લાભ લઈ સ્વ-રોજગાર અને ઉદ્યમશીલતા તરફ આગળ વધવા પ્રેરણા આપી.

માનનીય જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રિયંકાબેન ડામોરે પોતાના સંબોધનમાં જણાવ્યું, “મહિલાઓ એ સમાજનું કરોડરજ્જુ છે. આજનો દિવસ એ ઉજવણી છે જે મહિલાઓની સ્વતંત્રતા અને સ્વાવલંબનની ભાવનાને મજબૂત કરે છે.” તેમણે ગ્રામીણ મહિલાઓને શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને નાણાકીય સ્વતંત્રતા માટે પ્રોત્સાહિત કર્યા.

આ કાર્યક્રમમાં મોડાસા નગરપાલિકા પ્રમુખશ્રી, ડીઈડીએ (ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સી) ડાયરેક્ટરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીશ્રી, તેમજ અન્ય વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં મહિલાઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ સ્વ-રોજગાર યોજનાઓ, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો અને મહિલા સશક્તિકરણની યોજનાઓ વિશે માહિતી મેળવી.

આ ઉજવણી દરમિયાન મહિલાઓ દ્વારા બનાવેલ હસ્તકલા ઉત્પાદનો, ખાદ્ય ચીજો અને અન્ય સ્વ-રોજગાર આધારિત ઉત્પાદનોનું પ્રદર્શન પણ યોજાયું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને આવા કાર્યક્રમોમાં સક્રિય ભાગીદારી નોંધાવવા અને મહિલા સશક્તિકરણના પ્રયાસોને ટેકો આપવા અપીલ કરવામાં આવી.

# પ્રાકૃતિક ખેતીમાં જૈવિક જંતુનાશકો જંતુ નિયંત્રણ મહત્વનું

મોડાસા

પ્રાકૃતિક ખેતી એ પર્યાવરણને અનુકૂળ અને ટકાઉ ખેતીની પદ્ધતિ છે જેમાં રાસાયણિક જંતુનાશકોનો ઉપયોગ ટાળીને જૈવિક જંતુનાશકો દ્વારા જંતુ નિયંત્રણ કરવામાં આવે છે નેમ આધારિત જંતુનાશકો ગૌમૂતર અને હર્બલ આધારિત ઉકાળો આ પદ્ધતિના મુખ્ય ઘટકો છે જે જમીન પાક અને માનવ શાસ્ત્રોને નુકસાન પહોંચાડ્યા વિના જંતુઓને નિયંત્રણ કરે છે નિયમ આધારિત જંતુનાશકોમાં નિમણનું તેલ અને નિમ્નના પાદડા નો ઉકાળો જૈવિક જંતુનાશક તરીકે અસરકારક છે નિમ્ન રહેલું એ જાડી રે ટ



નામનું સક્રિય તત્વ જંતુઓની વૃદ્ધિ અટકાવે છે અને તેમને ભગાડે છે નિમ્નના તેલને પાણીમાં ભેળવી પાંચ મિલી લિટર છંટકાવ કરવાથી ચૂસ્યા ઈયળો અને અન્ય જંતુઓ નિયંત્રણમાં આવે છે ગૌમૂતર પ્રાકૃતિક જંતુનાશક અને ફૂગ નાશક તરીકે કામ કરે છે તેમાં એન્ટ્રી બેક્ટેરિયલ ગુણો પાકને રોગોથી બચાવે છે ગૌમુત્રને પાણીમાં ૧.૧૦ ના ગુણોત્તરમાં ભેળવીને છંટકાવ કરવાથી ઊંઘ અને જંતુઓ નિયંત્રણમાં રહે છે ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં ગૌમૂતર સરળતાથી ઉપલબ્ધ હોવાથી આ ખર્ચ અસરકારક પદ્ધતિ છે ગુજરાતના ખેડૂતો નીમ્ના બીજ અને પાતળા નો ઉપયોગ સરળતાથી કરી શકે છે કારણ કે નિમ્ના ઝાડ રાજયમાં સરળતા થી ઉપલબ્ધ છે આદુ લસણ લીમડો તુલસી અને મરચાના ઉકાળા જંતુઓને દૂર રાખવામાં મદદ કરે છે ઉદાહરણ તરીકે લસણ અને મરચાનો ઉકાળો ૫૦ ગ્રામ લસણ ૨૦ ગ્રામ મરચા ૧ ॐ પાણીમાં ઉકાળી છંટકાવવાથી ચુસિયા અને શિયાળો નાશ પામે છે આ હલબલ ઉકાળા બનાવવા સરળ અને પર્યાવરણને અનુકૂળ છે આ જૈવિક જંતુનાશકો પ્રાકૃતિક ખેતી ના સિદ્ધાંતોને અનુરૂપ છે જે જમીનની જે જમીનની ફળદ્રુપતા અને જૈવિકતાને જાળવીએ છે ગુજરાતના ખેડૂતો આ પદ્ધતિઓ અપનાવીને રાસાયણિક નુકસાન ઘટાડી ટાઉન ખેતીને પ્રોત્સાહન આપી શકે છે સરકારી યોજના ઓને અને તાલીમ કાર્યક્રમ દ્વારા આ પદ્ધતિઓનો પ્રચાર પણ થઈ રહ્યો છે જે ખેડૂતોને આર્થિક અને પર્યાવરણ લાભ આપે છે

# અરવલ્લી જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં તમામ ૧૧ ડિરેક્ટરો બિન હરીફ ચૂંટાઈ આવ્યા

મોડાસા તા.૪

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સમાન્ય ચૂંટણી-૨૫ યોજાઇ હતી જેમાં તમામ ૧૧ ડિરેક્ટરો બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે

મદદનીશ ચૂંટણી સત્તાધિકારી મોડાસા દ્વારા આજે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાના છેલ્લા દિવસે જે તે વિભાગમાં એક એક જ ફોર્મ રહેતા આ મુજબ ૧૧ ડિરેક્ટરોને જે તે વિભાગમાં બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે

આ ચૂંટણીમાં ચૂંટાયેલા ડિરેક્ટરોમાં પ્રભુદાસભાઈ પટેલ,. ભીખાજી દૂધાજી ડામોર, જગદીશભાઈ એસ પટેલ, રાજેન્દ્રકુમાર જે પટેલ, શામળભાઈ એમ પટેલ, બાબુભાઈ એમ પટેલ , સચિનકુમાર એ પટેલ, મહેશભાઈ ડી પટેલ,

પ્રજ્ઞેશભાઈ વી ગાંધી. જયંતીભાઈ બી પટેલ અને ગિરીશભાઈ એચ પટેલનો સમાવેશ થાય છે



ગુજરાત ના યાત્રાધામ ડાકોર ના રણછોડરાય મંદિર ખાતે મોટા હિંડોળા મનોરથ યોજાઈ રહ્યો છે. દરરોજ જુદા જુદા કલાત્મક હિંડોળા માં શ્રીજી ના બાળ સ્વરૂપ ને પધરાવી સેવકભાઈઓ ઝુલાવે છે. આજે વડોદરા ના વૈષ્ણવ તરફથી ફૂલો ના સુંદર સજાવટ સાથે મોટા હિંડોળા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિકો દર્શન કરવા ઉમટી પડ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જિલ્લામાં વહેંચાયેલા ખાતેના અસામાન્ય જથ્થા બાબતે આવેદનપત્ર આપ્યું

અરવલ્લી જિલ્લામાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જિલ્લામાં વહેંચવામાં ખાતરના અસામાન્ય જથ્થા બાબતે આયોજનપત્ર આપ્યું કોંગ્રેસ પ્રમુખ અરુણ પટેલ કહ્યું કે અસામાન્ય વેચાણ કર્યું હોય તેવા વિક્રિતાઓ સામે કાર્યવાહી થવી જોઈએ ખેડૂતોના હકનું ખાતર ડીજે પધરાવ્યું હોય તો થતી હોય તો કાર્યવાહી ઉલ્લેખેનીય છે કે હાલમાં રાજ્યભરમાં યુરિયા ખાતરની અછત વર્તાઈ છે તેવામાં વેપારીઓ છે જે બાબતે તંત્ર દ્વારા આવા ડીલરો સામે કડક કાર્યવાહી થવી જોઈએ ખેડૂતોના હકનું ખાતર તેની જગ્યાએ પધરાવી દેવામાં આવે તેવું નહી ચાલે ત્યારે આવા કાળા બજારીઓ સામે સરકારે પણ ખેડૂતોને હિત માટે કડક કાર્યવાહી કરવી જોઈએ

# વિશ્વ સંસ્કૃત દિવસ નિમિત્તે ગુજરાતમાં ૬થી ૮ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત ગૌરવ યાત્રા, સંભાષણ દિવસ અને સાહિત્ય દિવસની થશે ઉજવણી

સંસ્કૃત અંગે આપણે ત્યાં કહેવાય છે કે, ।’ એટલે કે, આપણી સંસ્કૃત ભાષા સરસ પણ છે, અને સરળ પણ. સંસ્કૃત પોતાના વિચારો, પોતાના સાહિત્યના માધ્યમથી જ્ઞાન, વિજ્ઞાન અને રાષ્ટ્રની એકતાને મજબૂત બનાવે છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ ઉક્તિનો ઉલ્લેખ કરતાં લોકો વધુમાં વધુ સંસ્કૃત વાંચે અને તેનો અભ્યાસ કરે એ બાબત પર ભાર મૂક્યો છે. વિશ્વની સૌથી જૂની ભાષા કહેવાતી સંસ્કૃત ભાષા ભારતની ઋષિ-પરંપરા, દર્શન, આધ્યાત્મ અને સાંસ્કૃતિક ચેતનાની જીવંત અભિવ્યક્તિ છે. સંસ્કૃત એ માત્ર એક ભાષા નથી, પણ જીવન દ્રષ્ટિ છે- જે માનવીના સર્વાંગી વિકાસમાં માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં દર વર્ષે શ્રાવણ માસની પૂર્ણિમા (રક્ષાબંધનના દિવસે)ના દિવસે સંસ્કૃત દિન ઉજવવામાં આવે છે અને તેના પ્રચાર-પ્રસાર માટે ભારતભરમાં સંસ્કૃત સપ્તાહ મનાવવામાં આવે છે. આ વર્ષે ૯ ઓગસ્ટે વિશ્વ સંસ્કૃત દિન છે ત્યારે ૬થી ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ સુધી સંસ્કૃત સપ્તાહની ઉજવણી થશે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા સંસ્કૃત સપ્તાહ નિમિત્તે ત્રિ-દિવસીય વિશેષ ઉજવણી કરવામાં આવશે.

★રાજ્યમાં ૬થી ૮ ઓગસ્ટ સુધી સંસ્કૃત ગૌરવ યાત્રા, સંભાષણ દિવસ અને સાહિત્ય દિવસની ઉજવણી થશે★

વર્ષ ૧૯૬૯માં ભારત સરકાર અને સંસ્કૃત સંસ્થાઓના સહયોગથી સંસ્કૃત દિનની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવાનો, તેના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો અને નવી પેઢીને આ પ્રાચીન ભાષા સાથે જોડવાનો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે ગુજરાતમાં ૬થી ૮ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે સંસ્કૃત ગૌરવ યાત્રા, બીજા દિવસે સંસ્કૃત સંભાષણ દિવસ અને ત્રીજા દિવસે સંસ્કૃત સાહિત્ય દિવસ ઉજવવામાં આવશે.

સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન જિલ્લા અને રાજ્ય કક્ષાએ થશે, જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાઓ, સંસ્કૃત વિદ્વાનો, કવિઓ, લેખકો સંસ્કૃત ગૌરવરૂપ જ્ઞાન વારસાની ઝાંખીઓનું પ્રદર્શન, સંસ્કૃત સાહિત્યકૃતિ, સંસ્કૃત ગાન, સૂત્રોચ્ચાર સાથે યાત્રામાં જોડાશે. બીજા દિવસે સંસ્કૃત સંભાષણ દિને મુખ્યમંત્રીશ્રી, જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ અધિકારીઓ, મંત્રીશ્રીઓ વગેરે સંસ્કૃત ભાષામાં સંદેશ પાઠવશે. તૃતીય દિવસે સંસ્કૃત સાહિત્ય દિને સમગ્ર રાજ્યમાં વિવિધ સ્તરે વેદપૂજન, વ્યાસપૂજન, ઋષિપૂજન, આચાર્યપૂજન, સંસ્કૃત સાહિત્ય સંબંધિત સભાઓ, વ્યાખ્યાનોના આયોજન દ્વારા સમાજમાં સંસ્કૃત સાહિત્યનું ગૌરવ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

★સંસ્કૃત સંવર્ધનથી સંસ્કૃતિનો પ્રસાર કરી રહ્યું છે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ★

ગુજરાતમાં સંસ્કૃતના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારના ‘ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ’ દ્વારા યોજના પંચકમ્ અંતર્ગત પાંચ વિશિષ્ટ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે-

○૧. સંસ્કૃત સપ્તાહોત્સવ યોજનાઃ○ રાજયભરમાં ઉત્સાહપૂર્વક સંસ્કૃત સપ્તાહ અને દિવસ ઉજવવાની પહેલ

○૨. સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજનાઃ○ વિવિધ સંસ્કૃત કાર્યક્રમો માટે સંસ્થાઓ, સંશોધકો અને શિક્ષકોને સંસ્કૃતના પ્રચાર માટે નાણાકીય સહાય

○૩. સંસ્કૃત પ્રોત્સાહન યોજનાઃ○ માધ્યમિક કક્ષાએ સંસ્કૃત માટે વિદ્યાર્થી, શિક્ષક અને શાળાઓને પ્રોત્સાહન

○૪. શ્રીમદ્ ભગવત્ ગીતા યોજનાઃ○ ગ્રંથ ‘શ્રીમદ્ ભગવત્ ગીતા’થી અબાલ-વૃદ્ધ સૌ જીવન જીવવાની સાચી દિશા પર ચિંતન કરતા થાય અને ગીતા કંઠસ્થ કરે એ માટે પ્રોત્સાહન

○૫. શત સુભાષિત કંઠપાઠ યોજનાઃ○ નૈતિક મૂલ્યોના સિંચન માટે ૧૦૦ સુભાષિતો કંઠસ્થ કરવા માટે પ્રોત્સાહન

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા શરૂ કરવામાં આવેલી ‘યોજના પંચકમ્’નું લક્ષ્ય સંસ્કૃત ભાષાનું જતન કરવાનો, તેની લોકપ્રિયતા વધારવાનો અને ભવિષ્યની પેઢીઓને રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસા સાથે જોડવાનો છે.

ટેક્નોલૉજી અને શિક્ષણના માધ્યમથી સંસ્કૃત ભાષાને વધુ લોકપ્રિય બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રતિબદ્ધ★સંસ્કૃત દિવસની ઉજવણી માટે શ્રાવણ પૂર્ણિમાનો દિવસ એટલા માટે પસંદ કરવામાં આવ્યો કારણકે, પ્રાચીન ભારતમાં શિક્ષણ સત્ર આ દિવસે શરૂ થયું હતું. આ દિવસે વિદ્યાર્થીઓ શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કરતા હતા અને હાલમાં પણ વેદ અધ્યયનનો પ્રારંભ શ્રાવણી પૂર્ણિમાથી થાય છે. આ દિવસ ઋષિ-મુનિઓની પરંપરા અને વૈદિક જ્ઞાનનું પ્રતીક માનવામાં આવે છે. સંસ્કૃત દિન અને સંસ્કૃત સપ્તાહ એ ભારતની સાંસ્કૃતિક વિરાસતનો એક મહત્વપૂર્ણ ભાગ છે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર આધુનિક સમયમાં ટેક્નોલૉજી અને શિક્ષણના માધ્યમથી સંસ્કૃતને વધુ લોકપ્રિય અને સુલભ બનાવવાના પ્રયાસો કરી રહી છે.

# દોઢ વર્ષમાં બેફામ વાહનચાલકો પાસેથી ૧૧ કરોડની દંડવસૂલી, ૨૧૬૧ લોકોના લાયસન્સ સસ્પેન્ડ

અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી રોન્ગ સાઈડ તથા ઓવર સ્પિડમાં બેફામ બેદકારી ભર્યા ડ્રાઈવિંગના કારણે અકસ્માતની વણઝાર લાગી છે. માતેલા સાંઢની જેમ વાહનો હાંકી વાહન ચાલકો નિર્દોષ નાગરિકોનો ભોગ લઈ રહ્યા છે. ત્યારે રસ્તાને બાપની જાગીર સમજીને વાહનો ચલાવીને અકસ્માત સર્જનારા વાહન ચાલકો સામે અમદાવાદ આરટીઓએ તવાઈ બોલાવી છે. જેમાં છેલ્લા દોઢ વર્ષમાં રોન્ગ સાઈડ, અકસ્માતમાં મોત, ઓવર સ્પિડ, ઓવર લોડ ફીટનેશ સહિતના કાયદાના ભંગ બદલ દોઢ વર્ષમાં રૂ. ૧૦.૯૮ કરોડ વસૂલીને ૨૧૬૧ વાહન ચાલકોના ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ કર્યા છે. જ્યારે બીજા રાજયમાં જઈ રફ ડ્રાઈવિંગ કરતા અમદાવાદીઓ પાસેથી ૨૮૪ વાહન ચાલકો પાસેથી દંડ વસૂલ્યા પછી આરટીઓએ ડ્રાઈવિંગ લાયસન્સ રદ કર્યા છે.અમદાવાદમાં નશામાં ધૂત નબીરાઓ દ્વારા બેફામ વાહનો હંકારતા વધી રહેલા હિટ એન્ડ રન અને અકસ્માતમાં મોતના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે, રોન્ગ સાઈડમાં વાહન હંકારતા તેમજ હેલ્મેટ વગર વાહન ચલાવતા અને ફૂલ સ્પીડમાં વાહન ચલાવીને અકસ્માત કરવાના વધી રહેલા કેસ અંગે ગુજરાત હાઈકોર્ટ દ્વારા અવાર નવાર ટ્રાફિક પોલીસને આવા વાહન ચાલકો સામે પોલીસ ફરિયાદ સહિત કડક પગલાં લેવા માટે ટકોર કરવામાં આવે છે. કારણ કે સ્થળ ઉપર દંડ ભરીને વાહન ચાલકને છોડી મૂકવાથી વાહન ચાલકોમાં કોઈ ફરક પડવાનો નથી પરંતુ કાયદનો ડર પેંદા કરવા જરુરી છે.બીજીતરફ અમદાવાદ આરટીઓ દ્વારા કડક વલણ અપનાવીને ૧-૪-૨૪ થી ૩૧-૭-૨૫ સુધી ૧૬ મહિનામાં રોન્ગ સાઈડ, હેલમેટ, વાંરવાર ટ્રાફિકના કાયદાનો ભંગ, ટેક્ષ, લાયસન્સ, પીયુંસી, ફીટનેશ ઉપરાંત ઓવરલોડ વાહનો ડિટેઈન કરીને તેમની પાસેથી રૂ.. ૧૦.૯૮ કરોડ વસૂલીને દંડ વસૂલીને ૨૧૬૧ વાહન ચાલકોના ડ્રાઈવિંગ લાયસન્સ ત્રણથી છ મહિના સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જ્યારે બીજા રાજયમાં જઈ રફ ડ્રાઈવિંગ કરતા અમદાવાદીઓ પાસેથી જે તે શહેરની પોલીસે ૨૮૪ વાહન ચાલકો પાસેથી દંડ વસૂલ્યા પછી લાયસન્સ અમદાવાદથી ઈસ્યું થયા હોવાથી અમદાવાદ આરટીઓમાં મોકલી આપતા તેમના પણ ડ્રાઈવિંગ લાયસન્સ રદ કર્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.